ગુજરાતમિત્ર

# શો ટાઈમ

ગુરુવાર ૧૯ નવેમ્બર, ૨૦૨૬



'બે ક્લાઇમેક્સ, એક ફિલ્મ અને આખી ટીમ કન્ફ્યુઝ્ડ!' Pg.2



અમારો ખરો રોમાન્સ તો લગ્ન પછી શરૂ થયોઃ વિક્રાંત મસ્સી Pg.4



# સાસરું આવું હોય તો આલિયાની તો 'એશ' છે...

આલિયાએ જ્યારે રણબીર કપૂર સાથે મેરેજ કર્યા ત્યારે તે કેરિયરમાં ટોચ પર હતી અને ચોક્કસ રણબીર કરતાં તેની લોકપ્રિયતા વધારે હતી. તેમ છતાં તેણે રણબીર સાથે મેરેજ કર્યા. જોકે, સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રણબીર અને આલિયા વચ્ચે તણાવ ચાલી રહ્યો છે અને તે પણ રણબીરની માતા નીતુ કપૂરને કારણે. આ વાત તો જગજાહેર છે કે રણબીર પહેલેથી જ 'મમાઝ બોય' રહ્યો છે અને તેના માટે તેની મા સર્વોપરી છે. તેમની વધારે પડતી દખલગીરીને કારણે રણબીર અને આલિયા વચ્ચે અંતર આવી ગયું છે.

શરૂઆતથી જ જોઈએ તો રણબીર જ્યારે ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારે તેની ઈમેજ પ્લેબોયની હતી. પરંતુ, નીતુ કપૂર રણબીર અને તેની ગર્લફ્રેન્ડની પસંદગીમાં હંમેશાં પોતાની મરજી ચલાવતી હતી. રણબીરનું જ્યારે દીપિકા પાદુકોણ અને કેટરિના કૈફ સાથે અફેર ચાલતું હતું ત્યારે નીતુને કારણે તે લવમેરેજમાં પરિણમી શક્યાં નહીં. એક તો નીતુ પોતાના 'કપૂર ફેમિલી'ને બધા કરતાં અલગ અને ઊંચો માને છે અને તેના મતે કેટરિના અને દીપિકાનું ફેમિલી બેકગ્રાઉન્ડ કપૂર ફેમિલીના સ્તરનું નહોતું. વળી, નીતુની સતત દખલગીરી સ્વાભાવિક રીતે કોઈને પણ પસંદ ન આવે. જોકે, આલિયાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તે રણબીરને નાનપણથી જ પસંદ કરતી હતી. વળી, તે ભટ્ટ ફેમિલીમાંથી આવતી હોવાથી આલિયાનાં રણબીર સાથે મેરેજ થયાં. તેમ છતાં, આપણને ઘણીવાર નીતુનું આલિયા અને તેના ફેમિલી સાથેનું વર્તન યોગ્ય લાગતું નથી. ફેમિલી ફંક્શન હોય, ઘરમાં પૂજા હોય કે ફોટોગ્રાફર્સની સામે પોઝ આપીને ફેમિલી ફોટો આપવાનો હોય, દરેક પ્રસંગે રણબીરની બાજુમાં નીતુ હોય છે અને આલિયા રણબીરથી દૂર હોય છે. નીતુ સામે ચાલીને ક્યારેય પણ આલિયાની માતા સોની રાઝદાનનું રીસ્પેક્ટ કરતી દેખાતી નથી. હંમેશાં આલિયાની માતા જ રીસ્પેક્ટ્સ કરવામાં પહેલ કરે છે. આટલું જ નહીં, રણબીરની બહેન રિદ્ધિમા, જેનું સાસરું દિલ્હીમાં છે, તે પણ મોટાભાગે મુંબઈમાં તેમના ઘરે જ વધારે રહેતી હોય છે. રિદ્ધિમા અને તેની દીકરી સમારાનું કપૂર ફેમિલીમાં ઘણું વર્ચસ્વ રહે છે અને વળી, નીતુની મરજી વિના રણબીર કશું કરતો નથી. આવી પરિસ્થિતિમાં આલિયાએ સતત તેના સાસરિયાંને ખુશ રાખવા પડતા હોય એવું લાગે છે. આલિયા અને રણબીરમાં આલિયા પોતાના સંબંધ માટે વધારે સમાધાન કરતી હોય તેવી દેખાય છે.





આવી જ કંઈક પરિસ્થિતિ ઐશ્વર્યા રાયની પણ તેના સાસરામાં આપણને દેખાય છે. નીતુ કપૂરની જેમ અભિષેક બચ્ચનની માતા જયા બચ્ચન પણ પોતાના ઘરની 'બોસ' છે. તે પોતાની મરજી વિરુદ્ધ ઘરમાં કશું પણ ચલાવી લેતી નથી. અભિષેક અને ઐશ્વર્યાના જીવનમાં પણ જયાની દખલગીરી વધારે હોવાથી તેમના સંબંધમાં પણ તણાવ આવ્યો હતો. ઐશ્વર્યાએ જ્યારે અભિષેક સાથે મેરેજ કર્યાં ત્યારે અભિષેક કરતાં તે મોટી સ્ટાર હતી અને પોતાની કેરિયરની ટોચ પર હતી. ઐશ્વર્યા અને જયાને ક્યારેય પણ સાથે જોવામાં આવ્યાં નથી. એટલું જ નહીં, ઐશ્વર્યાની માતા સાથે પણ જયા કે તેના ફેમિલીના કોઈ સભ્યો જોવા મળ્યા નથી. વળી, અભિષેકની બહેન શ્વેતા નંદા પોતાનાં બાળકો સાથે ઘણી વાર જયા સાથે જોવા મળે છે, પરંતુ ઐશ્વર્યાની હંમેશાં તેમણે અવગણના કરી છે. શ્વેતા નંદાની દીકરી નવ્યા નવેલીએ તેનું પોડકાસ્ટ શરૂ કર્યું હતું, જેમાં તેણે તેના ફેમિલીના બધા સભ્યોને બોલાવ્યા હતા, પરંતુ જ્યારે ઐશ્વર્યાને બોલાવવાની વારી આવી ત્યારે તેણે તે વાત ઉડાવી દીધી. જયાની દખલગીરી એટલી બધી હતી કે એક સમયે ઐશ્વર્યા અને અભિષેકના લગ્નજીવનનો અંત આવવાની વાત થવા લાગી હતી. આમ, જોવા જઈએ તો ઐશ્વર્યા અને આલિયાની સાસરિયાંમાં પરિસ્થિતિ લગભગ સરખી જ છે. બંનેના ઘરમાં 'બિગ બોસ' તેમની સાસુ છે અને જ્યાં પતિની સાથે ઊભા રહેવાનું આવે ત્યારે તેમની જગ્યાએ તેમની સાસુ કે ફેમિલીના અન્ય સભ્યો સ્થાન લઈ લે છે. આમ, ઘણી જગ્યાએ તેમની અવગણના થતી હોય તેવું દેખાય છે.

ઐશ્વર્યાએ તો અભિષેક સાથે મેરેજ બાદ પોતાની કેરિયર છોડીને સમગ્ર ધ્યાન પોતાની દીકરી આરાધ્યા પર આપવાનું શરૂ કરી દીધું હતું. અને વળી, આટલાં વર્ષોમાં ઐશ્વર્યાએ એટલી સફળતા પણ મેળવી લીધી હતી. પરંતુ અહીં આલિયાની ઉંમર તો હજી નાની છે. ઐશ્વર્યાએ પોતાની કેરિયરને ઘણાં વર્ષો આપ્યાં બાદ મેરેજ પછી ફિલ્મોમાં કામ કરવાનું છોડી દીધું હતું, જ્યારે આલિયાએ તો તેની કેરિયરના શરૂઆતના તબક્કામાં જ રણબીર સાથે મેરેજ કરી લીધાં. એટલે તે ફિલ્મો કરવાનું છોડી દે તેવી આશા રાખી શકાય નહીં. પરંતુ, જો નીતુ અને તેના ફેમિલીનું આવું જ વર્તન રહ્યું તો આલિયાની હાલત પણ [એશ] ઐશ્વર્યા જેવી થાય તો તેમાં નવાઈ નથી! •

નીતુ કપૂરની જેમ અભિષેક બચ્ચનની માતા જયા બચ્ચન પણ પોતાના ઘરની 'બોસ' છે, તે પોતાની મરજી વિરુદ્ધ ઘરમાં કશું પણ ચલાવી લેતી નથી

## ડૉ. નેને કોઈને ઓળખતા જ નહોતા!

હાલમાં ફિલ્મમેકર અને કોરિયોગ્રાફર ફરાહ ખાને માધુરી દીક્ષિત અને ડૉ. શ્રીરામ નેનેના ઘરે મુલાકાત લીધી હતી. ડૉ. નેને માધુરી સાથેની તેમની લવસ્ટોરી કેવી રીતે શરૂ થઈ અને તેમના વેડિંગ રિસેપ્શનમાં અમિતાભ બચ્ચન સિવાય તેઓ કોઈ પણ સેલિબ્રિટી કે એક્ટરને ઓળખતા નહોતા, તે વાતનો ખુલાસો કરે છે. ફરાહ ખાન માધુરી અને ડૉ. નેનેના ઘરે મુલાકાત દરમિયાન તેમને પૂછે છે કે શું તેઓ ખરેખર માધુરી કોણ છે એ ઓળખતા નહોતા? આ સવાલનો જવાબ આપતાં ડૉ. નેને કહે છે કે, 'હું ખરેખર માધુરીને ઓળખતો ન હતો. હું લોસ એન્જલસમાં સ્ટીવન સ્પીલબર્ગ, જ્યોર્જ લુકાસ અને 'સ્ટાર વોર્સ' જોતા મોટો થયો છું. મેં ફક્ત અમિતાભ બચ્ચનની 'અમર અકબર એન્થની' ફિલ્મ જોઈ હતી, એટલે અમિતાભ બચ્ચનને જ ઓળખતો હતો. અમે લગભગ 3 મહિના સુધી ડેટિંગ કર્યું અને પછી મેં માધુરીને પ્રપોઝ કર્યું.' ડૉ. નેનેની આ વાતમાં ઉમેરો કરતાં ફરાહ ખાન કહે છે કે, 'માધુરીનાં લગ્ન તે સમયે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મુખ્ય ચર્ચાનો વિષય બની ગયાં હતાં. તેઓ કહે છે કે, 'અમારા વેડિંગ રિસેપ્શનમાં હું એક રાજા જેવું ફીલ કરતો હતો, કારણ કે હું કોઈને પણ ઓળખતો ન હતો અને છતાં મારે બધા સાથે સ્મિત કરીને હાથ મિલાવવાના હતા. આમ, ડૉ. નેને શાહરુખ કે સલમાન ખાનને પણ ઓળખતા ન હોવાની વાત ફરાહ ખાન અને માધુરીના ચાહકોને નવાઈ પમાડે છે. વર્ષ 1999ની 17 ઓક્ટોબરે માધુરીએ યુએસ સ્થિત કાર્ડિયોવેસ્ક્યુલર સર્જન ડૉ. શ્રીરામ નેને સાથે લગ્ન કર્યાં હતાં. તેમણે માધુરીના કેલિફોર્નિયા સ્થિત મોટા ભાઈના ઘરે અંગત રીતે લગ્નવિધિ કરી હતી. માધુરીનાં લગ્ન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો અને તેમના ચાહકો માટે સુખદ આશ્ચર્ય સમાન હતાં. •



## વિદ્યુતની ટાઇગરને સલાહ

વિદ્યુત જામવાલે ટાઇગર શ્રોફને પોતાની હિંમત ટકાવી રાખવા અને જીવનનો ઉત્સાહ જાળવી રાખવા વિશે વાત કરી છે. ટાઈગર પર હાલમાં મુંબઈમાં થયેલા હુમલા અંગે તેણે ચિંતા વ્યક્ત કરી હતી અને ટાઈગરને આ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ જીવન જીવવાનું ચાલુ રાખવા તથા તેમાં ઉત્સાહ જાળવી રાખવાની સલાહ આપી હતી. વિદ્યુત કહે છે, 'ટાઈગર પર હાલમાં જે હુમલો થયો ત્યાર બાદ તે કેટલો સ્ટ્રેસમાં હશે તે હું સમજી શકું છું. આવી પરિસ્થિતિમાં તે ફૂટબોલ રમી ન શકે. કદાચ લોકો તેની મજાક ઉડાવશે એવી બીકે તે પોતાના ફિટનેસ કે રમતના વીડિયો પણ શેર ન કરી શકે. પરંતુ હું તેને કહેવા માગું છું કે લોકો શું વિચારશે તેનો વિચાર કરીને પોતાને બાંધી રાખવાની જરૂર નથી. તું જે તારા માટે કરતો હતો તે યોગ્ય જ છે અને તે કરતો રહેજે. મને લાગે છે કે અત્યારે તે જીવનના એવા તબક્કામાં છે, જેમાં તે નક્કી કરી શકે છે કે તેને શ્રેષ્ઠ ફિટનેસ બનાવવી છે કે તેનાથી પણ વધારે શ્રેષ્ઠ હાંસલ કરવું છે. અત્યારે તે ચોક્કસ ખુશ અને સ્ટ્રેસ્ડ બંને હશે. ઘણા ઓછા લોકો પર આટલી નજીકથી ગોળીબારનો હુમલો થયો હોય છે. આવી ગંભીર પરિસ્થિતિનો સામનો મોટાભાગે સૈનિકોએ કરવો પડતો હોય છે. તેનો ડર અને તણાવ હું સમજી શકું છું. આટલું થયા પછી તે બધું ભૂલીને નોર્મલ વર્તન કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. તેમ છતાં, ટાઇગરે ઘણી હિંમત બતાવી છે અને આ સ્ટ્રેસમાંથી બહાર નીકળવા માટે તે સારા પ્રયત્નો કરી રહ્યો છે.' 18 ઓક્ટોબરે જ્યારે ટાઇગર પોતાની ફૂટબોલ મેચ પૂરી કરીને જતો હતો ત્યારે તેના પર લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, આ એક્ટરને તેમાં કોઈ ગંભીર ઈજા થઈ ન હતી. આ હુમલાથી આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચી ગયો હતો. •

બોલિવ્લોગ વિથ પૅપ



## રાધિકાને હિંસક ફિલ્મ્સ પસંદ નથી

એક્ટ્રેસ રાધિકા આપ્ટે હાલમાં તેની સિરીઝ 'અક્કા'નું પ્રમોશન કરી રહી છે. આ દરમિયાન તેણે આજકાલ ફિલ્મોમાં ચાલી રહેલા ટ્રેન્ડ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. રાધિકા આજકાલ ફિલ્મોમાં ચાલી રહેલા ટ્રેન્ડથી થોડી નિરાશ છે. તે કહે છે કે, 'આજકાલ હિંસક ફિલ્મો વધારે ચાલી રહી છે. એક બાજુ ફિલ્મમાં લોકો એકબીજાનાં માથાં ફોડતા હોય અને બીજી બાજુ થિયેટરમાં સીટ પર બેસીને તમે પોપકોર્ન કેવી રીતે ખાઈ શકો? લોકોને આજે હિંસક ફિલ્મો વધારે ગમે છે, એટલે આપણી પાસે પણ કોઈ ચોઇસ રહેતી નથી. જોકે, આ એક ટ્રિકી પરિસ્થિતિ છે. તમારે એક ચોક્કસ પસંદગી કરવી પડે છે. હું પોતે હિંસક ફિલ્મો જોતી નથી, કારણ કે મને તે જોવી ગમતી નથી.' વધુમાં, આ 41 વર્ષીય એક્ટ્રેસએ ફિલ્મજગતમાં કામના કલાકો વિશે પણ પોતાનો મત વ્યક્ત કર્યો છે. રાધિકા જણાવે છે કે, 'ઈન્ડસ્ટ્રીમાં કામના કલાકો વિશે પણ ફેરફાર કરવાની જરૂર છે. અત્યાર સુધી કામના 16 કલાકો હતા. મને લાગે છે કે તે 12 કલાક થઈ જવા જોઈએ. એકધારા 16 કલાક કામ કરવું થકવી નાખે છે. વળી, મારી દીકરી પણ હજી ઘણી નાની છે. એટલે તેના માટે પણ 12 કલાકનો સમય વધારે સગવડભર્યો છે. ઘણી વાર એવી પરિસ્થિતિ પણ આવે છે કે હું કામ કરી શકતી નથી, કારણ કે મારે મારી દીકરીને સમય આપવાનો હોય છે. એક્ટિંગ મારા માટે સમગ્ર જીવન નથી. તે મારા જીવનનો એક હિસ્સો છે. એટલે તેના માટે હું મારા જીવનની મહત્ત્વની વ્યક્તિઓને મારાથી દૂર ન રાખી શકું. મારી દીકરી હજી 2 વર્ષની જ છે અને તેની સાથે હું બને તેટલો વધારે સમય વિતાવવા માગું છું. કદાચ ભવિષ્યમાં એવું પણ બને કે હું કામ કરવાનું બંધ કરી દઉં કે પછી વધારે કામ કરું. કંઈ પણ થઈ શકે છે. આવી પરિસ્થિતિમાં કામના કલાકો નિશ્ચિત અને થોડા ઓછા હોય તો તેમાં એડજસ્ટ કરવું વધારે સહેલું પડે છે.' રાધિકાની 1980ના દાયકાની ગેંગસ્ટર ડ્રામા 'અક્કા'માં જોવા મળશે. આ સિરીઝમાં તેની સાથે કીર્તિ સુરેશ, તન્વી આઝમી, મહેશ માંજરેકર, અંશુમન પુષ્કર અને મોનિકા પંવાર પણ છે. •

